## જન્મદિને વધામણી



મૂળસિંહ બાદરસિંહ ચાવડા
મો. ૯૩૭૭૫ ૦૪૪૬૮



ભાવિકા આનંદ ઓઝા
મો. ૯૭૨૪૪ ૪૭૭૯૯



જૈમિની ઘેડીયા
મો. ૭૦૯૬૨ ૫૫૯૬૬



હર્ષ જગદીશકુમાર પ્રજાપતિ



ભાવિન એમ પરમાર
મો. ૯૧૫૭૭ ૯૨૬૯૬

# ભારત સ્કાઉટ ગાઈડ સંઘની જિલ્લા રેલી ૧-૨ ડિસેમ્બરે વલાદ ગામમાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની જિલ્લા રેલી બ્રાઈટ સ્કૂલ, આનંદબા કૅમ્પસ, વલાદ મુકામે આગામી તા. ૧-૨ ડિસેમ્બરના રોજ યોજાઈ રહી છે.

સંઘની જિલ્લા રેલીના કન્વીનર યુવરાજસિંહ વાઘેલાએ આ અંગેની માહિતી આપતાં એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓમાં સરકારી અને બિન સરકારી શાળાઓના સંયુક્ત ઉપક્રમે ચાલી રહી છે. આ પ્રવૃત્તિ બાળકોના ચારિત્ર્ય ઘડતરની સાથે દેશપ્રેમ, નિઃસ્વાર્થ સેવાભાવના અને સંસ્કાર સિંચન કરતી દૈવી પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિમાં ભાગ લેતા સ્કાઉટ ગાઈડને રાજ્યપાલ તથા રાષ્ટ્રપતિ ઍવોર્ડ મેળવવાની તક મળે છે.

સ્કાઉટ ગાઈડ જિલ્લા રેલીના ઉપક્રમે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેમાં કેમ્પ સુશોભન સ્પર્ધા, અવલોકન સ્પર્ધા, પીજન્ટ શો, નેચર ઍજ્યુકેશન કેમ્પ, કેમ્પ ફાયર અને છાવણી સજાવટ સામેલ છે.

આ રેલીમાં ભાગ લેવા માટે જિલ્લાની તમામ શાળાઓને સંઘ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# બાલ્કન-જી-બારી દ્વારા શહેરમાં બાલદિનની ઉજવણી કરાઈ

## સે. ૨૭ શાખા દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં ૧૦૩ બાળકો જોડાયાં

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત રાજ્ય બાલ્કન-જી-બારી, ગાંધીનગર દ્વારા દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની જન્મજયંતિ-બાલદિનની ઉજવણી સૅક્ટર-૨૭ શાખા ખાતે કરવામાં આવી હતી.

આ પ્રસંગે ૧૨ વર્ષની વય સુધીનાં બાળકો માટે વક્તૃત્વ સ્પર્ધા, સંગીત ખુરશી, મિમિક્રી, ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી, તેમાં ૧૦૩ બાળકોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. પ્રથમ બે ક્રમ પ્રાપ્ત કરનારા વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત ભાગ લેનારા પ્રત્યેક બાળકને પ્રોત્સાહક ઈનામ પણ આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અતિથિ તરીકે નિવૃત્ત આઈએઍસ ઍચ બી વરિયા, ગ્રામ વિકાસ વિભાગના સ્પે. કમિશનર ડી પી જોષી તથા પૂર્વ નગરસેવક જાગૃતિબેન પુરોહિત ઉપસ્થિત રહ્યાં હતાં. સંસ્થાના પ્રમુખ અશોકભાઈએ કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન શોભાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કે પી પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# 'વનશ્રી'એ બાલદિન અકિંચનો સાથે ઉજવ્યો



વનશ્રી ટ્રસ્ટ અને ભગવતી ફાયર કૉલેજ દ્વારા બાલદિનની ઉજવણી જરૂરિયાતમંદ બાળકો સાથે કરવામાં આવી હતી. બાળકોને આ પ્રસંગે નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા છેલ્લાં દસ વર્ષથી જરૂરિયાતમંદ બાળકોને નાસ્તાનું વિતરણ કરવામાં આવે છે તથા તેમને સ્કૂલ ફી અને નોટબૂક્સની સહાય પણ ાપવામાં આવે છે. બાલદિન નિમિત્તે ભાવતો નાસ્તો જોઈને બાળકો રાજીનાં રેડ થઈ ગયાં હતાં. વનશ્રી ટ્રસ્ટનાં પ્રમુખ અંજનાબેન નિમાવતે બાળકોને આ પ્રસંગે આનંદપ્રદ રમતો પણ રમાડી હતી.

# ગૂજરાત વિદ્યાપીઠને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય એવાર્ડ મળ્યો



ગાંધીનગર, તા. ૧૬

યુવક કલ્યાણ અને ખેલકુદ મંત્રાલય , ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સેવા યોજનાના અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાનો ઈન્દિરા ગાંધી બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ ૨૦૧૫-૧૬ ગૂજરાત વિદ્યાપીઠના શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના ડૉ નીરજ સિલાવટને પ્રાપ્ત થયો આ પ્રતિષ્ઠિત એવાર્ડ રાષ્ટ્રીય સેવા યોજનાના અંતર્ગત આ વર્ષે દેશના શ્રેષ્ઠ ૧૦ પ્રોગ્રામ ઓફિસરોને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે ૧૯ નોવેમ્બેરના રોજે રાષ્ટ્રપતિ ભવનના દરબાર હોલમાં આપવામાં આવશે જેમાં રોકડ પુરસ્કાર, મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

ડૉ નીરજ સિલાવટને વર્ષ ૨૦૧૪નો રાજ્ય કક્ષાનો રાષ્ટ્રીય સેવા યોજનાના અંતર્ગત બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ ગુજરાત સરકાર તરફથી આપવામાં આવી ચુક્યો છે સાથે સાથે તેમની રાષ્ટ્રીય સેવા યોજનાની યુનિટને પણ બેસ્ટ યુનિટ તરીકેના ઈન્દિરા ગાંધી એવાર્ડ ફોર બેસ્ટ યુનિટ ૨૦૧૫-૧૬ પણ આપવામાં આવ્યો છે તેમની રાષ્ટ્રીય સેવા યોજના યુનિટની વિશેષ પ્રવુંર્તિઓમાં વૃક્ષારોપણ , રક્તદાન , એડસ અને થેલીસીમીયા જાગરૂકતા , સાક્ષરતાના અંતર્ગત પ્રોન શિક્ષણ વર્ગ , નેપાળ ભૂકંપ રાહત શિબિર માં ૧૮ લાખ નેપાળી રૂપિયાની ઈટોનો બચાવ , અમરેલી જિલ્લામાં આવેલા પુરની રાહત કામગીરી, રાષ્ટ્રીય સેવા યોજના એક વૈકલ્પિક વિષેના અભ્યાસક્રમ નિર્માણ અને પુસ્તક લેખનની કામગીરી , રાષ્ટ્રીય સેવા યોજનાના ક્ષેત્રમાં વિવિધ સંસોધાનની કામગીરી, સાદરા ગામની આજુ બાજુની કલ્યાણપુર પ્રાથમિકશાળા, રાજપુર પ્રાથમિક શાળા , ચેખલારાણી પ્રાથમિકશાળા, મોતીપુરા પ્રાથમિકશાળા, સાદરા પ્રાથમિકશાળા અને જ્ઞાનધારા તીર્થ સ્કૂલ , સાદરામાં યોગ અને શારીરિક શિક્ષણના નિયમિત વર્ગો રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકો દ્વારા ચલાવવામાં આવે છે જેમાં સાયકલો ચલાવીને રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકો પર્યાવરણ જાગૃકતાના સરસ સંદેશો આપે છે તે ઉપરાંત રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકોને આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ પણ દર વર્ષે અપાય છે ગાંધી વિચારના પ્રસાર પ્રચાર માટે વિધાર્થીઓમાં ગાંધી વિચારને લગતી વિવિધ પુસ્તકો અપાય છે અને ગાંધી વિચારને લગતી વિવિધ પરીક્ષાઓ નો આયોજન પણ કરવામાં આવે છે સાથે સાથે સ્વાબલંબનને ધ્યાનમાં રાખી રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકો દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે.

# રાજ્યની જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીઓ હવે 'અમાન્ય બૉર્ડ' બાબતે તપાસ કરશે

## અમાન્ય બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષા માન્ય ન હોવાથી વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ કરવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યના વિદ્યાર્થીઓ અમાન્ય શિક્ષણ બોર્ડ અથવા તો તેમની સંસ્થામાં પ્રવેશ મેળવીને 'ફસાઈ' ન જાય તે માટે હવે રાજ્યની તમામ ડીઈઓ કચેરી દ્વારા આવા 'બનાવટી' બોર્ડની તપાસ હાથ ધરવામાં આવશે, અને જો તેમના વિસ્તારમાંથી આવા અમાન્ય બોર્ડ અથવા તો તેની સંસ્થા મળી આવશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વિદ્યાર્થીઓ અમાન્ય બોર્ડમાં જાણકારીના અભાવે ભરાઈ ગયા બાદ આગળ અભ્યાસ કરી શકતા ન હોવાના લીધે ગુજરાતના શિક્ષણ બોર્ડ દ્વારા ડીઈઓને પરિપત્ર કરી આવા અમાન્ય બોર્ડ તેમના વિસ્તારમાં હોય તો તેને શોધી કાઢી પગલા ભરવા આદેશ કર્યો છે. ગુજરાતના શિક્ષણ બોર્ડ દ્વારા ૫૯ માન્ય બોર્ડની યાદી પણ જાહેર કરી છે. આ બોર્ડ સિવાયના બોર્ડ રાજ્યમાં અમાન્ય ગણાશે તેમ સ્પષ્ટ જણાવાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સત્તાવાર માન્યતા પ્રાપ્ત ન હોય તેવા કેટલાક અમાન્ય બોર્ડ દેશમાં કાર્યરત હોઈ શકે છે. પુરતી માહિતી કે જાણકારીના અભાવે વિદ્યાર્થીઓ અને વાલીઓ તેમનો શિકાર બને છે. આવા અમાન્ય બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષા માન્ય ન હોવાથી વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ કરવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે. અમાન્ય બોર્ડમાંથી પરીક્ષા આપી વિદ્યાર્થી આગળ અભ્યાસ માટે જાય તો માન્ય બોર્ડ કે યુનિવર્સિટીમાં આવા વિદ્યાર્થીઓને પ્રવેશ મળતો નથી. ઉપરાંત સરકારી કે જાહેરક્ષેત્રોમાં નોકરી માટે પણ આવા વિદ્યાર્થીઓ અમાન્ય ઠરતા હોય છે.

રાજ્યના વિદ્યાર્થીઓ અમાન્ય બોર્ડની માયાજાળમાં ફસાઈ ન જાય તે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરિપત્ર કરી ડીઈઓને તકેદારી માટે આદેશ કર્યો છે. જેમાં અમાન્ય અથવા તો ફેઈક બોર્ડ કે તેમના દ્વારા ચાલતી સંસ્થા ડીઈઓ કચેરીના વિસ્તારમાં આવતી હોય તો તે વિસ્તારના ડીઈઓએ આવા અમાન્ય બોર્ડ અથવા તો તેમના દ્વારા ચાલતી સંસ્થાને શોધી કાઢવાની રહેશે અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે. ઉપરાંત આવા બોર્ડ કે સેન્ટર બંધ કરાવવાની રહેશે. વિદ્યાર્થીઓ અને વાલીઓને માન્ય બોર્ડની જાણકારી મળી રહે તે માટે વાલીઓ-વિદ્યાર્થીઓ વાંચી શકે તે રીતે માન્ય બોર્ડની યાદી મુકવાની રહેશે. ભારતના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ગુજરાત શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી સ્કૂલોમાં પ્રવેશ મેળવવા માટે ગુજરાત બોર્ડ દ્વારા દેશના ૫૯ માન્ય બોર્ડની યાદી જાહેર કરેલી છે. જેથી આ યાદી પ્રમાણેના બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને જ સ્કૂલોમાં પ્રવેશ ફાળવવામાં આવશે. આ માટે સ્કૂલોને પણ સુચના આપવામાં આવી છે અને તેમણે પણ માન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને જ પ્રવેશ ફાળવવાનો રહેશે. બોર્ડ દ્વારા ડીઈઓને કરવામાં આવેલા પરિપત્રની જાણ તમામ સ્કૂલોને પણ કરવા કહેવામાં આવ્યું છે.

## ડાયરેક્ટ ❤ સે

દુનિયા મોટી થઈ ગઈ, સાહેબ
એમાં માણસ નાનો થઈ ગયો
- "જાન" શબ્દિલ


# આ વર્ષે ૨૦૦થી વધુ મુમુક્ષુઓ સંયમના માર્ગે પ્રયાણ કરશે

ગાંધીનગર, તા. ૧૬

વિક્રમ સંવત-૨૦૭૩માં ૨૦૦થી વધુ મુમુક્ષુઓ સંસારનો ત્યાગ કરશે અને સંયમમાર્ગે આગળ વધશે. અમદાવાદમાં બે યુવતીઓ સહિત કુલ ત્રણ મુમુક્ષુઓને દીક્ષાના મુહૂર્ત તા.૧૯મી નવેમ્બરે ગજરાવાલા ફ્લેટ, પાલડી ખાતે અપાશે. સાથે જ તા.૨૧મીએ રાજનગરમાં ૨૪ વર્ષીય મુમુક્ષુ પ્રિયા શાહીબાગ-ઓશવાલ ભવન ખાતે ગચ્છાધિપતિ જયઘોષસૂરીશ્વરજી મ.સા., દીક્ષાદાનેશ્વરી આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં દીક્ષા ગ્રહણ કરશે.

આ અંગે ૨૪ વર્ષીય, મુમુક્ષુ પ્રિયાએ જણાવ્યું કે, મેં બી.કોમ. સુધીનો અભ્યાસ કર્યો છે અને મારે કંપની સેક્રેટરી બનવું હતું, પરંતુ હવે પરમાત્માનો સેક્રેટરી બનીશ. સાથે જ મારા કુટુંબમાં આ પ્રથમ દીક્ષા છે. સાહેબજીના પ્રવચન દ્વારા પણ મને પ્રેરણા મળી છે. દીક્ષાનું મુહૂર્ત પ્રાપ્ત કરવા રાજનગર આવતી સુરતની ૧૯ વર્ષીય, મુમુક્ષુ હાર્દીકુમારીએ જણાવ્યું કે મેં એફ.વાય.બી.કોમ. સુધીનો અભ્યાસ કર્યો છે. અમારા કુટુંબમાં આ પ્રથમ જ દીક્ષા છે. હું જૈન ધર્મનાં અભ્યાસ અને સાધુ ભગવંતોના પ્રવચનને કારણે એ શીખી કે કોલેજ લાઈફ કરતાં આ દીક્ષા જીવનમાં શાશ્વત સુખ રહેલું છે. સંયમમાર્ગમાં રહીને મારે એવું જીવન જીવવું છે, જેનાથી અન્ય કોઈને પણ દુઃખ ન પહોંચે. ૫૦ વર્ષીય મુમુક્ષુ કલ્પનાબેન તેમનાં પતિને માર્ગે અનુસરણ કરશે એટલે કે તેઓ પણ દીક્ષા લેશે. તેમનાં પતિ, હવે મુનિ તિલકરત્ન મહારાજ સાહેબ છે. કલ્પનાબહેને જણાવ્યું કે મુનિરાજની દીક્ષાને છ વર્ષ કારતક વદ ત્રીજે પૂર્ણ થશે. હું જ્યારે પણ તેમને વંદન કરવા જતી ત્યારે મને કહેતા કે તમે પણ તમારા આત્માનું કલ્યાણ કરો. અન્ય સાધુ-ભગવંતોને પણ મળતી ત્યારે તેઓ પણ દીક્ષાનું પાલન કરવા કહેતા. હવે મને પણ દીક્ષાનો ભાવ થઈ ગયો છે. યુવાપેઢી શા માટે દીક્ષાના માર્ગે આગળ વધી રહી છે, તે અંગે સમજાવતા આચાર્ય રશ્મિરત્નસૂરીશ્વરજીએ જણાવ્યું કે આજની યુવાપેઢી ભણેલી-ગણેલી છે. એમને પોતાના જીવનમાં કંઈક ઊંચું લક્ષ્ય મેળવવામાં રસ છે. પોતાના હિતની સાથે બીજાને કેમ ઉપયોગી બની શકાય એવો વિચાર યુવાનોમાં જોવા મળી રહ્યો છે. આજે ભણેલો-ગણેલો યુવાવર્ગ પોતાની શક્તિ, પ્રતિભાનો ઉપયોગ કરીને પોતાના આત્મકલ્યાણ સાથે સમાજમાં યોગદાન આપવા માગે છે. માત્ર ભોગ-વિલાસમાં જિંદગી પૂરી કરવી એ તો સામાન્ય જીવની જેમ જીવન જીવ્યા કહેવાય. નવી પેઢી તર્કબદ્ધ અને વૈજ્ઞાનિક રીતે ધર્મનો માર્ગ શીખી રહી છે. નવા યુવાવર્ગના સાધુઓ પ્રાકૃત-સંસ્કૃતનો અભ્યાસ કરે છે અને પ્રાચીન ગ્રંથોમાં જે રહસ્ય રહેલું છે, તેને બહાર લાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

# જિંદગી ઍક્સપ્રેસ : આરજે આરતીની રસપ્રદ વાર્તામાં તણાતો ભાવક




આકાશવાણીનું આ અમદાવાદ-વડોદરા કેન્દ્ર છે... આવું વર્ષે સુધી સાંભળ્યું હતું. મનોરંજનનું એકમાત્ર સાધન રેડિયો એ પરિવારનો પ્રથમ મિત્ર. વચ્ચે મનોરંજન ક્ષેત્રે ક્રાંતિ આવતાં ઈતિહાસમાં (કે ભંગારમાં) જમા થયેલા રેડિયોએ ઍફઍમ સાથે ફરીથી ઍન્ટ્રી લીધી અને અનેક નવા રેડિયો સ્ટેશન તથા સટરપટર કરતાં આરજે આપણા ઘરમાં બોલતા થયાં.

૯૪.૩ માય ઍફઍમ એવું જ એક ઘર પરિવારમાં મનગમતું રેડિયો સ્ટેશનનું નામ. અને એ નામને આગવી ઓળખ અપાવી આરજે આરતી પટેલે. સરળ-સ્પષ્ટ-સમજાય એવી ભાષા અને એણે શરૂ કરી વાર્તાઓ કહેવાની. માય ઍફઍમ પર જિંદગી ઍક્સપ્રેસ કાર્યક્રમ સાથે આરજે આરતીએ રસપ્રદ વાર્તાઓ કહેતાં એનો એક આગવો ચાહક વર્ગ ઊભો થયો.

એમની પારિવારિક અને 'દિલ છૂ લેનેવાલી' વાર્તાઓના એ કાર્યક્રમ 'જિંદગી ઍક્સપ્રેસ'ને બેસ્ટ ગુજરાતી રેડિયો પ્રોગ્રામનો ઍવોર્ડ મળ્યો. આરજે આરતી જિંદગી ઍક્સપ્રેસની વાર્તાઓ અને મ્યુઝીક બૅન્ડ સાથે શનિવારે ગાંધીનગરનાં મહેમાન બન્યાં હતાં અને લાવવાનું કામ કર્યું સંસ્કૃતિ સંસ્થાએ. આ કાર્યક્રમનો એક અનોખો વિચાર એટલે સામાજિક-સાંસ્કૃતિક-રાજકીય પ્રમુખોના હસ્તે દિપ પ્રાગટ્ય કરવાનો ઉપક્રમ. સાંસ્કૃતિક કાર્યક્રમોને કોઈ વાડાબંધી નથી એમ સાબિત કરતાં મનોજ શુક્લએ અંગત રસ લઈને વિવિધ ક્ષેત્રોના સૌ મહાનુભાવોને આમંત્રી એમના હસ્તે દિપ પ્રાગટ્યથી અનોખા કાર્યક્રમનો નોખો આરંભ કરાવ્યો. મેયર પ્રવીણ પટેલ, ગુડા ચૅરમૅન આશિષ દવે, બિલ્ડર અને આર્ટ લવર્સના જગત કારાણી, સાહિત્ય સભાના ભરત કવિ, સુરમધુરના મયંક દવે, શહેર વસાહત મંડળના અરૂણ બુચ, કલરવના કમલ જૈન, લાયન્સના નિમેષ રાવલ, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાના જીલુભા ધાંધલ, કોંગ્રેસના નિશિત વ્યાસ અને સંસ્કૃતિના રમેશ પટેલે સાથે મળીને દિપ પ્રાગટ્ય કરતાં અનેકતામાં એકતાનાં દર્શન થયાં.

'બાના સાડલાની સુગંધ' સાથે આરજે આરતીએ વાર્તા માંડી. કરકસર કરીને બાળકોને ભણાવી, મોટાં કરી, જાતે બીડીઓ વાળી, માત્ર પોતાનાં સંતાનો જ નહીં, ગામનાં છોકરાઓને ફાટેલી ચોપડીની જગ્યાએ નવી ચોપડીઓ આપવાનું કાર્ય કરતાં બાની વાર્તા આંખની પાંપણો ભીની કરી ગઈ. આરતીની સંગત માટેના બૅન્ડમાં ગિટાર પર માનસી દવે, કિ-બૉર્ડ પર વલય શર્મા અને દિપેશ દેસાઈ, સિંગર તરીકે હર્ષ શાહ, સુપર્ણા બેનર્જી હતાં. 'રાત કલી એક ખ્વાબ મેં આયી...' અને 'યે શમા, શમા હૈ યે પ્યાર કા...' ગીતો ફ્રેશ અવાજનાં ગાયકોના કંઠે સુંદર રીતે રજૂ થયાં.

'ડબલ બટર, સિંગલ લવ' નામની વાર્તામાં શામલી અને રેસ્ટોરન્ટમાં કામ કરતા રાજુના પ્રેમની વાર્તા. મસ્કાબન પર ચોપડેલું ડબલ બટર અને એની હળવી વાતો સાથે પ્રેમમાં પછડાટ ખાધા પછી પાછા ઊભા થઈ બીજી પ્રેમિકાને શોધતા રાજુની વાર્તાએ પ્રેક્ષકોને ખડખડાટ હસાવ્યા. 'લિખિતંગ મૌસમી' વાર્તામાં એક સ્ત્રી પોતાના બાળપણથી છેક જીવનના અંત સુધી પત્રો લખે છે. એક એક કરીને પત્રો આવતા જાય, મા-બાપ, પ્રેમી, બાળકો, પતિ અને છેલ્લે પ્રભુ... એમાંય પતિના અવસાન બાદનો પત્ર અને વિસ્મૃતિ થયા બાદ પોતાને બોલાવી લેવા માટે પ્રભુને લખાયેલો પત્ર આંખો છલકાવી ગયો, એવી વાર્તા કહેવાની કમાલ આરતીના પંડમાં છે. પતિ-પત્નીના હળવા રમૂજી કિસ્સા, જોક્સ સાથે આરતીએ એકબીજાની આદત પડી જાય એ બાબતને બહુ સુંદર રીતે મૂક્યા બાદ છેલ્લી અને ચોથી વાર્તા માંડી હતી.

'પ્રિય આકાશ' નામની આકાશ અને પૌરવીની વાત કરતી પ્રેમપત્રો પરથી ટિફિનની ચિઠ્ઠીઓ પર અટકેલી વાર્તામાં જ્યારે આકાશ બોલ્યો કે 'આવાં ચિઠ્ઠાં-બિઠ્ઠાં નહીં મોકલવાનાં...' એ પછી વાર્તાનો વળાંક પૌરવી પ્રત્યે લાગણી પ્રગટાવે છે. વાર્તાનો અંત સુખદ હોવાથી દાદ મેળવી જાય છે. આ બધી વાર્તાઓ વચ્ચે 'પુકારતા ચલા હું મૈં..., આગે ભી જાને ના તુ... આપ કી નઝરોં ને સમજા... લગ જા ગલે કે ફિર યે હસીં રાત...' ગીતો ગવાયાં અને ગમ્યાં પણ ખરાં. જિંદગી ઍક્સપ્રેસની આરજે આરતીની વાર્તાઓમાં ભાવકો રીતસર તણાતા રહ્યા. આરજે આરતી આ પહેલાં પણ પુસ્તક પરબ સહિત અન્ય ત્રણેક સ્થળોએ આ પ્રકારનો કાર્યક્રમ કરી ચૂક્યાં છે, એટલે આ પ્રયોગ ગાંધીનગર શહેર માટે નવો ન હતો. હા, એકસાથે ટાઉનહૉલ ભરીને પ્રેક્ષકો અને ગણમાન્ય લોકોને સંસ્કૃતિના આંગણે બોલાવી કાર્યક્રમ ઝળહળતો કરવાનો પ્રયોગ નોખો અને સરાહનીય હતો.






## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## 'મારું મધુરું બાળપણ'